કલમ કડછી બરછી
શિક્ષણ સેવા સંરક્ષણ

જાન્યુઆરી–૨૦ વર્ષ : ૫૭

તંત્રી : વિરેન શાં. ધોળકિયા
મો. ૯૪૨૮૭૦૦૧૦૫ (WhatsApp)

બરછી કાર્યાલય C/O. ફાઇન આર્ટ પ્રિન્ટર્સ
કોટેચાનગર મેઇન રોડ,
કોટેચા ગર્લ્સ હાઇસ્કૂલ બિલ્ડીંગ, રાજકોટ – ૩૬૦ ૦૦૧.
email : barchhi@rediffmail.com
www.barchhi.com

ઈશ્વરને વિશ્વ કલ્યાણની પ્રાર્થના સહ..
વર્ષ ૨૦૨૧નું નૂતન વર્ષ સમસ્ત
જ્ઞાતિ–સમાજને આરોગ્યપ્રદ,
સુખ અને શાંતિ આપનારૂં અને
સૌને દરેક કસોટીમાંથી
મુક્ત કરનારૂં નીવડે તેવી
બરછી પરિવારની મંગલકામના
–વિરેન ધોળકિયા–તંત્રી

---

## તબીબો–કોરોના વોરિઅર્સને શત શત વંદન

અઢળક પૈસો કમાવાની તક છતાં રાજકોટના સંવેદનશીલ અને માનવતાવાદી (અમને જાણ છે તેવા તબીબો) ડો. નિલાંગ વસાવડા, ડો. અસિત વૈશ્નવ, હોમિયોપેથ ડો. આલાપ ધોળકિયાએ જ્ઞાતિબાધ અને પોતાના સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર કોરાનાના અસંખ્ય દર્દીઓની નિઃસ્વાર્થ નિઃશુલ્ક સારવાર કરી શ્રેષ્ઠ માનવધર્મ બજાવ્યો. આ કપરા કાળમાં ઈશ્વરના દૂત સમાન આવા દરેક તબીબો તેમજ સરકારી–ખાનગી હોસ્પિટલમાં નર્સિંગ, પેથોલોજી ને દરેક વિભાગમાં ફરજ બજાવનાર સ્ટાફ– કોરોના વોરિયર્સ – ને પણ સમસ્ત જ્ઞાતિ વતી શત શત વંદન.

## નવ વર્ષ શુભેચ્છા–પ્રાર્થના

ધ્વાંતનાં વિખરાય સઘળાં વાદળો,
સૂર્યની આભા જીવનમાં ઝળહળો.
સાધ્ય હો સૌજન્યની સંવાદિતા,
સ્નેહનાં સૂત્રે સકલ ઉર સાંકળો.
વ્યર્થ હો વૈરાગ્નિ, વાણી હો વિમળ,
વિસ્તરો વાત્સલ્યની સહુ કૂંપળો.
પ્રેમનો હો પંથ 'ને હો પ્રાપ્તિ પણ,
ફૂલ ફોરમનાં ફલન સહુને ફળો.
અવગણો અમ અવગુણો ઔદાર્યથી
ઊર્મિઓ ઉલ્લાસની ઉર ઊછળો.
પર્વ આ શિવ–સત્ય–સુંદરતા તણું,
વેદના મંત્રો બની સહુમાં ઢળો.
*ધ્વાંત–અંધારૂં

– આશ્લેષ ત્રિવેદી, અમદાવાદ.
મો. ૭૪૩૬૦૦૬૭૩૬

હવે પછીના અંકો મેળવવા ઓનલાઈન/બેંક/પેટીએમ દ્વારા આપનું લવાજમ ભરી દેશો

સુજ્ઞ વાંચકબંધુ,

કોરોના મહામારી સબબ લોકડાઉનને કારણે પ્રિન્ટીગ અને તેની સાથે સંકળાયેલા વેપાર ધંધા તેમજ પોસ્ટ અને રેલ્વે સેવા બંધ હોવાથી પ્રકાશન શકય ન હોવાથી માર્ચ મહીનાથી કલમ કડછી બરછીના અંક barchhi.com ઉપર ઓનલાઈન મૂકવામાં આવ્યા. રસ ધરાવતા સૌ કોઈ હજુ પણ વાંચી શકે છે.અમને ખુશી છે કે દેશ વિદેશના અસંખ્ય જ્ઞાતિજનોએ બરછીના વાંચનનો લાભ લીધો. થોડું ઘણુ થાળે પડતું જણાતાં ડીસેમ્બર માસના અંક તરીકે આ અંક પ્રકાશિત કરવાનું નકકી કરેલ, ત્યાં કોમ્પ્યુટરમાં ખામી સર્જાતાં અને બાદમાં મને કોરોના+ આવતાં તા. ૭/૧૨થી ૨૨/૧૨ કોરન્ટાઇન થયા બાદ ફરી કાર્યરત થયો ત્યાં ફરી કોમ્પ્યુટર અટકતાં મોડું થતું ગયું અને હવે આ અંક જાન્યુઆરી – ૨૧ના અંક તરીકે પ્રકાશિત કરી રહયા છીએ. આ બધા સંજોગોવસાત મોડું થતાં છેલ્લે સુધી મળેલા સમાચારો સમાવવા કેટલાક લેખ,કાવ્યો અગાઉ મળવા છતાં આવતા અંક માટે 'પેન્ડીગ' રાખવા પડયા છે. તો કેટલાક સમાચારો સંકલનના અભાવે બાકી પણ રહી ગયા છે જેને આવતા અંકમાં અગ્રતા આપી સ્થાન આપીશું..ક્ષમા.

<u>અનેક પડકારો છતાં બરછીની પ્રકાશન યાત્રા ચાલુ રાખવાનો નિર્ણય</u> :

સાંપ્રત સમય સમગ્ર વિશ્વ માટે કસોટીકાળ છે, જીવનના દરેક ક્ષેત્રે અનેક પડકારો અને બદલાવ આવી રહયા છે,આપણે સૌએ તેને સ્વીકારી ને સામનો કરવાની તૈયારી રાખવી પડે તેમ છે...અમે પણ બરછીને સ્થગિત કરવું, દ્વિ માસિક કરવું,ઓનલાઈન ચાલુ રાખવું વગેરે અનેક દ્વીધામાંથી પસાર થયા, કારણ કે આ વર્ષે લવાજમ માટે પ્રતિનિધીઓની સેવા વગર ઓનલાઈન ભરવા/સ્વીકારવાની વ્યવસ્થા સ્વીકારવી પડે તેમ છે, તેથી અને સમય સંજોગોને કારણે ગ્રાહકો કેટલા નોંધાશે તેનો અંદાજ મૂકવો કપરો છે અને તેથી માત્ર લવાજમ ઉપર જ નિર્ભર રહીને ખર્ચને પહોંચાશે કે નહી, વ્યકિતગત તેમજ સંસ્થાકીય પ્રવૃત્તિઓ સ્થગિત હોવાથી સમાચારોના અભાવે દર મહીને અન્ય સાહિત્ય સામગ્રી એકત્ર કરવી, ઉપરાંત અંગત સ્વાસ્થ્ય સંભાળવા જેવા અનેક પડકારો છે છતાં ઈશ્વર ઉપર શ્રધ્ધા રાખી, અત્યાર સુધી મળી રહેલ આપ સર્વેના સહકાર અને પ્રેમાદરના બળથી પ્રેરાઈને મક્કમતાથી પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી સાથે દર મહીને બરછીનું પ્રકાશન ચાલુ રાખવાનો સાહસિક નિર્ણય લઈ રહયા છીએ.

<u>લવાજમ અનુસંધાને કેટલીક નોંધ લેશોજી...</u>

(૧) હવેથી બરછીનું વર્ષ જાન્યુઆરીથી ડીસેમ્બર ગણાશે. (૨) વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦/– અગાઉ મુજબ જ રાખવામાં આવ્યું છે.(૩) આ વર્ષે લવાજમ માત્ર ઓનલાઈન ભરવાનું રહેશે..મનીઓર્ડર સ્વીકાર્ય છે.જે આપ બેંક ઓફ બરોડા એકાઉન્ટ નં. 15010200000110 દ્વારા કે Paytm અથવા તો barchhi.com ઉપરથી ઓનલાઈન ભરી શકાશે.(૪) જાન્યુઆરી માસનો આ અંક ગત વર્ષના (ઓગષ્ટ–૧૯થી જૂલાઈ–૨૦ વર્ષના રીન્યુ થયેલા) બધા જ ગ્રાહકોને ટપાલ દ્વારા મોકલી રહયા છીએ જેઓ ચાલુ રહેવા માગતા હોય એટલેકે આ અંક પછીના અંકો મેળવવા માગતા હોય તેઓ અને જેઓ આ નવાં વર્ષથી જોડાવા માંગે છે તેઓને આ માસ દરમ્યાન પોતાનું લવાજમ મોકલી આપવા વિ. છે. (૫) બેંક કે ઓનલાઈન લવાજમ ભર્યા બાદ મેસેજ,વ્હોટસએપ કે મેઈલ દ્વારા અચૂક જાણ કરશો. રીન્યુ થતાં આપને પહોંચ રૂપે SMS મળી જશે.રીન્યુ કરવામાં સરળતા રહે તે હેતુથી જેઓ પાસે અગાઉનો ગ્રાહક નંબર હોય તો લખી મોકલવા વિનંતી છે. (૬) અન્ય પૂછપરછ, સમાચારો મોકલવા મો. નં. ૯૪૨૮૭૦૦૧૦૫ નોંધી લેશો. (૭) સૂચનો, પ્રતિભાવ હંમેશા આવકાર્ય છે. અંતમાં, જ્ઞાતિજનો, પ્રતિનિધીઓ, વિજ્ઞાપનદાતાઓના ગત વર્ષોના સાથ સહકાર બદલ આભાર સહ...વિરેન ધોળકિયા–તંત્રી

## વર્ષિત હાથીએ ડી.એમ.(કાર્ડિયોલોજી)ની સર્વોચ્ચ પદવી મેળવી

રાજકોટના શ્રી દિનેશભાઇ અને સૌ. મીનાબેન હાથીના પુત્ર વર્ષિત હાથીએ તાજેતરમાં લેવાયેલી કાર્ડિયોલોજીની પરીક્ષા પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ કરી ડી.એમ.ની સર્વોચ્ચ પદવી મેળવી કુટુંબ સાથે જ્ઞાતિને પણ ગૌરવ બક્ષ્યું છે.

ડો. વર્ષિતની શૈક્ષણિક કારકિર્દીની તવારીખ જોઈએ તો તેઓ રાજકોટ મેડિકલ કોલેજમાંથી એમ.બી.બી.એસ. થયા અને એમ.ડી.ની પ્રવેશ પરીક્ષામાં 'ટોપ–૧૦'માં સ્થાન મેળવતાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માં રાજકોટ ખાતે જ રહી એમ.ડી. (મેડિસીન) માં સફળતા મેળવી. સુપર સ્પેશ્યાલિટીની ઓલ ઈન્ડીયા એન્ટ્રન્સ એકઝામમાં નેશનલ લેવલે ટોપ–૫૦માં આવ્યા, અને ભારતની બીજા ક્રમાંકની જયદેવા કાર્ડિયોલોજી હોસ્પિટલ બેંગલોરમાં વર્ષ–૨૦૧૮માં પ્રવેશ મેળવી, વર્ષ–૨૦૨૦માં કાર્ડિયોલોજીમાં ડી.એમ.ની સર્વોચ્ચ પદવી મેળવી,સાથે સાથે નોંધ લઈએ કે શ્રીમતી સ્પૃહા વર્ષિત હાથી (રાજકોટના સૌ. ઉમાબેન અને શ્રી કશ્યપ ધોળકિયાનાં પુત્રી) પણ એમ.ડી.ની પદવી ધરાવે છે. અને બેંગલોરની કિડવાઇ કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટયૂટ માં બ્લડ બેંક હેડ ઓફ ધ ડીપાર્ટમેન્ટ (ગવર્નમેન્ટ) ક્લાસ–૧ ઓફીસર તરીકે કાર્યરત છે.અભિનંદન.

## શ્રી પદ્મીન બુચ ચેમ્બર ઓફ કોમર્સમાં કો–ચેરમેન નિયુક્ત થયા



અમદાવાદ સ્થિત શ્રી પદ્મીનભાઇ બુચ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા MSME કમિટિના કો–ચેરમેન તરીકે નિયુક્ત થયા. આ ઉપરાંત તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા જીટીયુમાં પણ યુનિવર્સિટીની IPR માટેની એડવાઇઝરી કમિટિમાં તેઓની નિમણુક કરવામાં આવી છે. આ બંને ક્ષેત્રના તેઓના બહોળા અનુભવને ધ્યાનમાં લઈ તેઓ આ મહત્વના સ્થાને નિમાયા છે. આજે સમાજમાં નિષ્ઠા અને પ્રામાણિકતાનો દુકાળ જણાય છે ત્યારે સૌના હિતાર્થે તેઓની નિમણુક લાભપ્રદ નીવડશે તે નિઃશંક છે.

હાલમાં તેઓ કચ્છ સૌરાષ્ટ્ર વડનગરા નાગર મંડળના ઉપપ્રમુખ તરીકેનું સ્થાન શોભાવી રહયા છે. આમ તેઓ જ્ઞાતિ સેવામાં પણ પોતાનું યોગદાન આપી રહયા છે.

## અમદાવાદ ખાતે કચ્છી દંપતીના ડેન્ટલ કિલનિકનો પ્રારંભ



અમદાવાદ સ્થિત ડો.નિકેત કચ્છી (MDS) PGCOI, PhD (fellow) તથા ડો. મૌના કચ્છી (BDS) દ્વારા તેમના 'અષ્ટરંગ ડેન્ટલ કિલનિક એન્ડ ઇમ્પ્લાન્ટ સેન્ટર'(નોબલ્સ ટ્રેડ સેન્ટર, ભૂયંગદેવ ક્રોસ રોડ ખાતે)નો પ્રારંભ ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય મંત્રીની વિશેષ ઉપસ્થિતિ વચ્ચે કરવામાં આવ્યો.અત્યાધુનિક સાધનો, ટેક્નોલોજી અને સુવિધાઓથી સજ્જ આ કિલનિકમાં દાંતની તમામ તકલીફોની સારવાર કોરોના સંદર્ભમાં વિશેષ તકેદારી સાથે અને જ્ઞાતિજનોને ફ્રી ડેન્ટલ ચેક અપ અને સારવાર પર ૨૦% ડીસ્કાઉન્ટ સાથે ઉપલબ્ધ થશે.

ડો. નિકેત કચ્છી 'ગુજરાત સમાચાર'ના મૂલ્યનિષ્ઠ વરિષ્ઠ પત્રકાર અને લોકપ્રિય કટાર લેખક ભવેન કચ્છીના પુત્ર છે. કચ્છી દંપતીના સાહસને વધાવી અભિનંદન સાથે શુભેચ્છા પાઠવીએ.

# આજીવન સેવાના ભેખધારી ભુજના શ્રી પરિમલ ધોળકિયાનો દેહવિલય

અખિલ ભારતીય નાગર પરિષદના માજી ઉપપ્રમુખ, શ્રી વડનગરા નાગર જ્ઞાતિના માજી પ્રમુખ, 'હાટકેશ સેવા અને સદ્ભાવના ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી, હાટકેશજનના તંત્રી તરીકેના સ્થાન શોભાવી જ્ઞાતિહીત અને કલ્યાણની અનેકવિધ પ્રવૃત્તિઓમાં નિષ્કામભાવ સાથે સેવારત રહેલા શ્રી પરિમલભાઇ હીરાલાલભાઇનું તા. ૨૪/૮/૨૦ના રોજ દેહાવસાન થતાં જ્ઞાતિએ સંન્નિષ્ઠ, સૌમ્ય સ્વભાવનો અદનો ઉદારચરિત સેવક ગુમાવ્યો છે.

તેઓની માનસન્માનની અપેક્ષા વગર સ્વાર્થરહિત કામગીરીની નોંધ લઈએ તો... પરિમલભાઇ એ ૧૯૬૯થી જ્ઞાતિસેવામાં ટ્રસ્ટી તરીકે રહી છેલ્લા ૪૦ વર્ષથી માનદ્મંત્રીથી શરૂ કરી પ્રમુખ તરીકેના સ્થાનને સાચા અર્થમાં શોભાવ્યું. તેમના કાર્યકાળમાં જ્ઞાતિહિતાર્થના અનેક કાર્યો હાથ ધરાયાં..હાટકેશ્વર મંદિરમાં આવેલ અંબાજી મંદિરના જિર્ણોધ્ધાર કાર્યમાં તેઓએ અંગત રસ લઈ આ કાર્ય પાર પાડયું હતું. બાદમાં નાગર વંડી તરીકે ઓળખાતા હાલના હાટકેશ કોમ્પલેક્ષમાં જૂની લગ્નવાડી સાથે નાના કાર્યક્રમો થઈ શકે તે માટે નવી લગ્નવાડી ઉભી કરી જ્ઞાતિની સુવિધાને અગ્રસ્થાન આપ્યું હતું. ત્યારબાદ ૧૯૯૫માં સમયાનુસાર આધુનિક સુવિધાસભર અદ્યતન હાટકેશ કોમ્પલેક્ષ અને કોમ્યુનિટી સેન્ટરનું નિર્માણ કર્યું. જેમાં ઓફીસો તૈયાર કરી જ્ઞાતિના વ્યવાસાયીકોને અગ્રતા આપી તેમને પગભર કરવામાં સહાયભૂત થયા તેમજ જ્ઞાતિને કાયમી આવક થાય તે હેતુથી ઈતર જ્ઞાતિજનોને પણ ઓફીસો આપવામાં આવી તેમજ અન્ય જ્ઞાતિ/ઇતરના લગ્નપ્રસંગ માટે હાટકેશવાડી ભાડે આપવાનું શરૂ કરવામાં આવ્યું.

સને ૨૦૦૧માં આવેલ ભૂકંપમાં ૩૦૦થી વધારે જ્ઞાતિજનોને હાટકેશ કોમ્પલેક્ષમાં ઉતારા તથા ભોજનની વ્યવસ્થા કરાવી હતી. તેટલું જ નહીં ભારત સાથે વિશ્વભરમાંથી આર્થિક સહાય માટે અપીલ બહાર પાડી વધુમાં વધુ મદદરૂપ થવા દાનનો પ્રવાહ મેળવી અનાજ, ઘરવખરી,કપડા,રોકડ સહાય પહોંચાડવાની મૂલ્યવાન સેવા બજાવી. તેઓના પ્રયાસથી મુંબઈ હાટકેશ સેવા ને ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી ભૂકંપગ્રસ્ત જ્ઞાતિજનોને પોતાની માલિકીના મકાનો મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહી કાયમી દસ્તાવેજ સાથે મકાનો અપાવ્યાં.

આ ઉપરાંત આ ભૂકંપ બાદ નાગર જ્ઞાતિની જમીન તેમજ હાટકેશ્વર જાગીરની જમીન કપાતમાં જવા સમયે જ્ઞાતિ તરફથી રાજ્ય સરકાર સામે હાઈકોર્ટમાં દાવો દાખલ કરી સરકાર સાથે સમાધાન કરી કપાત થતી કેટલીક જમીન પણ બચાવી. ભૂકંપમાં શ્રી હાટકેશ્વર મંદિરના પુનઃનિર્માણ કરવા માટે અનુદાનની અપીલ કરવામાં આવતાં દેશ વિદેશમાંથી બહોળો પ્રતિસાદ મળ્યો અને રૂપિયા ૪૦ લાખથી પણ વધુ રકમ એકઠી કરી. પરિમલભાઇના નેજા હેઠળ તા. ૨/૬થી ૫/૬/૨૦૦૬ ચાર દિવસ સુધી ધાર્મિક ઉત્સવો, સાંસ્કૃતિક કાર્યક્રમો,દાનવીરોના સન્માનના અંતે મિષ્ઠ પ્રસાદ ભોજનનું સફળતાપૂર્વક આયોજન થયું અને નવનિર્મિત હાટકેશ્વર મંદિર જ્ઞાતિને અર્પણ કરવામાં આવ્યું.

જ્ઞાતિજનોમાં ઐક્ય જળવાય રહે, સૌ પરસ્પર નીકટ આવે, યુવાનો ખડતલ બને તેવા હેતુથી રાજ્ય કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ, વોલીબોલ ટુર્નામેન્ટનું શાનદાર આયોજન કરી રમતવીરોને પ્રોત્સાહિત તો કર્યા જ પણ આવાં અનેક આયોજનોથી પોતાની વ્યવસ્થાશક્તિનો પણ પરિચય કરાવ્યો.

વર્ષોથી અંબાજી મુકામે યોજાતી રાત્રિ પૂજાનો હકક બંધ કરવામાં આવ્યો ત્યારે તે સમયના પ્રમુખ

શ્રી ઉમાકાન્તભાઇ વૈશ્નવ અને માનદ્‌મંત્રી શ્રી પરિમલભાઇએ હાઈકોર્ટમાં દાવો દાખલ કરી આ હકક પુનઃ અપાવ્યો. જેનો લાભ આજ પર્યંત જ્ઞાતિજનો લઈ રહયા છે. જે પરિમલભાઇને આભારી છે. શ્રી વડનગરા નાગર મંડળના પ્રમુખ તરીકે રહી દીર્ઘકાલિન સેવાઓ આપી જ્ઞાતિના શૈક્ષણિક મેળાવડા, સાંસ્કૃતિક કાર્યક્રમો,પાટોત્સવ જેવા અનેક કાર્યક્રમો યોજી અબાલવૃધ્ધોને પ્રોત્સાહિત કર્યા છે.

તેઓએ જ્ઞાતિમાં એકતા અને સંવાદિતતાના ઉદેશથી 'હાટકેશ સેવા અને સદ્‌ભાવના ટ્રસ્ટની સ્થાપના કરી, જેના નેજા હેઠળ સને ૨૦૦૨થી 'ઐક્ય ત્યાં આનંદ'ના સૂત્ર સાથે 'હાટકેશજન' સામયિકનું પ્રકાશન શરૂ કરી નવોદિત લેખકો કવિઓને તક આપી પ્રોત્સાહિત કર્યા. હાટકેશજન આર્થિક ઉપાર્જનનું સાધન ન બનાવતાં તેનો ઉપયોગ જ્ઞાતિસેવાનાં કાર્યો માટે કર્યો...જેમાં મુખ્યત્વે ટિફિનસેવા છે... કોઈપણ જ્ઞાતિજનના નિધન બાદ તેમના પરિજનોને ત્રણ દિવસ સુધી હાટકેશજન તરફથી ટિફિન પહોંચાડી અનેક શોકગ્રસ્ત પરિવારોને ચિંતામુક્ત કરી દુઃખમાં પણ સહભાગી થયા. આ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ માટે સ્કોલરશીપ તેમજ વૈદ્યકીય સહાય પણ આપવામાં આવે છે.

અનેક શહેરોમાં સ્થાયી થયેલા સૌ કોઈ કચ્છના નાગરો, મિત્રો અસંખ્ય શુભેચ્છકોએ તેઓની વિદાય બાદ જે આઘાત અનુભવ્યો તેના દ્વારા અને તેમની સ્મૃતિમાં પ્રકાશિત થયેલ વિશેષાંક 'પરિમલ હાટકેશજન'માં મુખ્યમંત્રીશ્રી, લોકસભા,ધારાસભ્યોના તેમજ અનેક જ્ઞાતિ અને સામાજિક સંસ્થાઓ તરફથી તેઓના નિધન બદલ શોકની લાગણી વ્યકત કરવામાં આવી છે તેના દ્વારા પરિમલભાઇ પ્રત્યેના પ્રેમ, પરિમલ અને તેમના સેવાભાવી, સ્નેહાળ અને સંવેદનશીલ વ્યક્તિત્વનો પરિચય થાય છે.

અગણિત સેવાકાર્યો દ્વારા મળેલું માનવ જીવન સાર્થક કરી જનારા આવા આત્માની સદ્‌ગતિ જ હોય. અસ્તુ !

## ગાંધીજી પરના અંગ્રેજી પુસ્તકના સંકલનકાર તરીકે કુ. જીનલ બક્ષીની પસંદગી



ડો. ભાનુબેન નાણાવટી કોલેજ ઓફ હોમસાયન્સ, મુંબઇના ગાંધીયન સ્ટડી સેન્ટર દ્વારા પ્રકાશિત પુસ્તક Engaging with Mahatma Multiple perspective ના વિવિધભાષી સંકલનકાર પૈકી એક ગુજરાતી તરીકે મલાડ મુંબઈ સ્થિત સૌ. ખ્યાતિ બક્ષી તથા રાજેશ બક્ષીનાં પુત્રી કુ. જીનલ બક્ષીની પસંદગી કરવામાં આવી છે. M.A.પાર્ટ–૨ English Lit.ની internship અંતર્ગત તેમને આ બહુમાન મળેલ છે. તેઓ ફ્રેન્ચ ભાષાના વ્યાખ્યાન પણ આપે છે. અભિનંદન.

## વિશ્રુત માંકડે એમ.ટેક.ની પદવી મેળવી

રાજકોટના સ્વ. જાહ્‌નવી અને શ્રી ઉદય માંકડના પુત્ર વિશ્રુત માંકડે પીડીપીયુ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ એમ.ટેકની પરીક્ષા ડીસ્ટીંગ્શન સાથે ઉત્તીર્ણ કરી એનર્જી સીસ્ટમમાં એમ.ટેક.ની ડીગ્રી મેળવી. તેઓ સ્વ.હીમાબેન તથા સ્વ. હર્ષવદનભાઇ(હરભાઇ)માંકડના પૌત્ર અને શ્રીમતી વીણાબેન તથા શ્રી કુલીનભાઇ ધોળકિયાના દોહિત્ર થાય.

# મોહ માયા, પદ પ્રતિષ્ઠાથી પર સાચા વૈશ્નવજન : હિમાંશુ રાણા


રાજકોટ સ્થિત નિજાનંદી, આત્મસ્થ, પરોપજીવી હિમાંશુભાઇ જમિયતરાય રાણા જીવનના મંચ ઉપર પોતાને ભાગે આવેલ દરેક કિરદાર શ્રેષ્ઠ રીતે નિભાવી તા.૧૯ –૧૦–૨૦૨૦ના રોજ માઈ શરણ થયા. તેઓએ માતા પિતાની સેવા દ્વારા શ્રેષ્ઠ પુત્રધર્મ તેવો જ પતિધર્મ બજાવ્યો તો તેમના બંને પુત્રોને ઉત્તમ સંસ્કાર, કેળવણી સાથે ઉચ્ચ શિક્ષિત કરી આર્મી અને નેવીમાં મોકલવાનું સાહસ બતાવી શ્રેષ્ઠ પિતા બની રહયા, એટલું જ નહી જ્ઞાતિ ને સમાજ માટે પણ અનન્ય યોગદાન આપી આદર્શ સેવા ધર્મ પણ બજાવ્યો. ચડાવ ઉતર પણ જોયા.. જેમાં પરમાર્થી અને સેવાભાવી રીડાણી પરિવારનાં દીકરી તેમનાં પત્ની હેમાક્ષીબેને દરેક ફરજ, સેવા ને ધર્મમાં આજીવન સાથ આપ્યો અને સાચા અર્થમાં સહધર્મચારિણી બની રહયાં.

હિમાંશુભાઇ પૂરી નિષ્ઠા અને અણિશુદ્ધ પ્રમાણિકતા સાથે ગુજરાત રાજ્યના માર્ગ અને મકાન વિભાગમાં કાર્યપાલક ઇજનેર તરીકે દીર્ઘકાલિન ફરજ બજાવી નિવૃત્ત થયા હતા. ત્રણેક વર્ષ પહેલાં નિવૃત્ત થયા બાદ તો પરિવાર, જ્ઞાતિ અને સમાજસેવામાં સંપૂર્ણ સમર્પિત રહયા. જુવેનાઇલ ડાયાબીટીસ, વિવેકાનંદ યુથ કલબ થેલેસેમિયા જનજાગૃતિ અભિયાન સેવા સમિતિ જેવી માનવતાવાદી સંસ્થાઓની પ્રવૃત્તિઓમાં તન મન અને ધનથી સંકળાયેલા રહયા તેમજ જ્ઞાતિની કચ્છ નાગર પરિવાર, અ.ભા.નાગર પરિષદ, અ.વ.નાગર બોર્ડીંગ જેવી સંસ્થાઓની દરેક પ્રવૃત્તિમાં એક સ્વયંસેવક તરીકે જ હંમેશા સેવારત રહયા. તેઓ સાહિત્ય રસિક પણ ખરા. જીવનને ઉર્ધ્વ દિશા તરફ લઈ જતાં આધ્યાત્મિક સાહિત્યનું વિશેષ વાંચન, મનન ચિંતન પણ ખરૂં તેથી તેમની લાક્ષણિક શૈલીમાં જ્ઞાતિ કાર્યક્રમોના સંચાલનમાં આ સાત્વિક વિચારોનું આચમન પણ જ્ઞાતિજનોને કરાવતા. મહાપુરૂષો, વિચારકોના વચનો, સુવિચારો વગેરેનું સંકલન કરી તેઓ દ્વારા એક પુસ્તિકા પણ પ્રકાશિત કરી હતી. બરછીના વાંચકોને પણ આવા સંકલિત સાહિત્યનો લાભ આપ્યો છે.

માતાજીના પરમ ઉપાસક અને સાંઈબાબાના પરમ ભક્ત એવા સહજ સ્વભાવના હિમાંશુભાઇએ નરસિંહ મહેતાનું ભજન 'વૈષ્ણવજન' ને ભગવદ્ ગીતાના અઢારે અધ્યાય જીવનમાં ઉતારી જાણ્યા તેમ કહેવું અતિશયોક્તિ નહી ગણાય. ધર્મ કે ભકિતનો દંભ કે આડંબર નહી, અહંથી સંપૂર્ણપણે મુક્ત, દરેક પ્રત્યે સમદ્રષ્ટિ નાના મોટા, નાત જાત, ઉંચનીચના ભેદ નહી કે કોઈની ઈર્ષ્યા કે દ્વેષ નહીં. વાણી વિચાર વર્તનમાં નિર્મળતા ને એકરૂપતા, મોહમાયાથી પર અનાસકત રહી, દરેકનું શુભ કલ્યાણ ઈચ્છી સમગ્ર અસ્તિત્વને કરૂણામયી પ્રેમ વરસાવ્યો.

તેઓનો અનાસકતભાવ : હિમાંશુભાઇએ પોતાનો એક ફલેટ ભાડાની આવક માટે નહી પરંતુ જ્ઞાતિ–ઈતર જ્ઞાતિજનને જરૂરીયાત સમયે ઉપયોગી થવાની નિઃસ્વાર્થભાવના સાથે જ રાખ્યો હતો. ક્યારેય માલિકીભાવ નહી, ભાડું નકકી નહી કરવાનું જે રકમ આપે તે જોયા–ગણ્યા વગર સહર્ષ સ્વીકારી પત્નીને સોંપી દેવાની. અમે ૨૦૧૦ માં દોઢ વર્ષ આ આસરાનો લાભ લીધો છે ૠણી રહીશું.

આવા નિરાળા, વિશુદ્ધ પ્રિય હિમાંશુ રાણા આજે પ્રત્યક્ષ આપણી વચ્ચે નથી, જેમની કુટુંબ, જ્ઞાતિ ને સમાજને મોટી ખોટ પડી છે તે નિઃશંક છે પરંતુ કર્મયોગ અને ભકિતયોગ થકી આત્મકલ્યાણનો માર્ગ સાધનાર હિમાંશુભાઇ જેવી વ્યકિતઓ પરોક્ષ રીતે હંમેશા આપણી સાથે જ હોય છે અને પરિચિતોના હ્રદયમાં હંમેશા સ્થાન રહેશે. આવા યોગભ્રષ્ટ આત્મા ની મુક્તિ માર્ગે જ ગતિ હોય. અંબા.. અંબા.. અસ્તુ !



સ્વ.હિમાંશુભાઇ
રાણા
સ્વ.તા.૧૯/૧૦/૨૦૨૦

## શ્રદ્ધાંજલિ

આપનો સૌમ્ય, ઠરેલ સ્વાભાવ, ધર્મપ્રત્યે નિષ્ઠા, પરિવાર તથા જ્ઞાતિ પરત્વે ફરજનિષ્ઠા કદી ભુલાશે નહીં, આપ સાચા અર્થમા 'વૈશ્નવજન' હતા. આપના જવાથી પરિવારને, જ્ઞાતીને તથા સમગ્ર માનવ-સમાજને જે ખોટ પડી છે તે કદી પુરી ન શકાય તેવી છે. હવે આપની સેવા તત્પરતા સહૃદયતા અમારા માટે પ્રેરણા બની રહે, આપતો શ્રીમદ્દ ભાગવત ગીતા અનુસાર 'દેવી સંપદા'ના અધિકારી હતા, મારું જીવન અંજલિ થાજો એ જ આપનું ધ્યેય હતું. દાદા હાટકેશ તથા માં અંબા આપને તેમના ચરણોમાં ચિરશાંતિ આપે એ જ પ્રાર્થના...

શર્મિષ્ઠા એમ. વોરા
શ્રી કચ્છ નાગર પરિવાર રાજકોટ વર્તી ૐ

## લગ્ન વિષયક જાહેરાત :

(૧) બી.સી.એ., એમ.સી.એ., જન્મ : ૭/૧૯૮૮ અમદાવાદ ખાતે સોફ્ટવેર કંપનીમાં ક્વોલીટી એનાલીસ્ટ તરીકે નોકરી કરતી કન્યાને યુવક. સંપર્ક : મો. ૯૪૨૬૪૦૪૬૯૫

(૨) એમ.કોમ.(એમબીએ.ચાલુ) જ. ૫/૧૯૯૬, ઉ.૫'.૧" વડોદરા ખાતે એકસીસ બેંકમાં નોકરી કરતી કન્યાને યોગ્ય યુવક. સંપર્ક : મો. ૯૨૬૫૨૩૧૨૫૫

(૩) ICWA જ. ૨/૧૯૮૩, ઉ. ૧૬૪ સીએમ. ફાર્મા કંપનીમાં ફાયનાન્સ મેનેજર તરીકે નોકરી કરતા (નિર્દોષ છૂટાછેડા) યુવકને યોગ્ય પાત્ર. સંપર્ક : મો. ૯૯૭૯૦૨૩૭૦૬

(૪) બી.એસસી.(આઇટી),જ. ૮/૧૯૯૧, ઉ. ૫'.૪", મુંબઈ ખાતે લી. કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૭૯૦૦૧૬૧૩૩૪

(૫) એમ.કોમ., જ. ૧૧/૧૯૭૯, ઉ. ૬'.૨" રાજકોટ ખાતે પ્રા. ફર્મમાં કોમ્પ્યુટર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૮૧૬૦૮૬૪૮૨૪

(૬) એમસીએ, જ. ૨/૧૯૮૫, ઉ. ૬' રાજકોટ ખાતે સોફ્ટવેર કંપનીમાં ડેવ. ઓફીસર તરીકે નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૮૧૬૦૮૬૪૮૨૪

(૭) બી.કોમ., સીસીસી. પાસ, જન્મ : ૧/૧૯૮૯, ઉ. ૫'.૪" સેલ્ફ ફાઈનાન્સ કોલેજમાં ૯ વર્ષથી નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : મો. ૭૫૬૭૬૯૧૫૯૮.

(૮) બી.ઇ.(સીઇ.), જ. ૧૦/૧૯૯૩, સોફ્ટવેર એન્જીનિયર તરીકે એમએનસી.માં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૬૬૨૧૮૬૯૧૮

(૯) બીએસ.સી., એલએલ.બી., જ. ૪/૧૯૯૮, ઉ. ૫'.૫" કન્યા ને યુવક. સંપર્ક : ૯૪૨૮૨૨૧૫૯૯

(૧૦) બી.કોમ., જ. ૧૧/૧૯૯૧, ઉ. ૫'.૧૦" સાદો મંગળ, યુવક ને કન્યા. સંપર્ક : ૯૩૨૭૬૬૯૫૮૬

(૧૧) બી.ટેક., જ. ૧૦/૧૯૯૦, ઉ. ૬'.૩" ફાર્મા કંપનીમાં નોકરી કરતા યુવકને કન્યા. સંપર્ક : ૯૬૨૪૦૪૧૨૫૮

## ધીમે ધીમે રાત પડી...

ધીમે ધીમે રાત પડી
કાજળ ઘેરી નભને અડી
હળવે હસતો ઉગ્યો ચાંદો
આકાશે તો ભાત પડી
ધીમે ધીમે રાત પડી...
જંપ્યા જળ ને પંખી પોઢયાં
તારલિયા જો ચમકે ચોડયા
મંદ મંદ આ વાતો વાયો
જાણે નભે હાલરડું ગાયું
ધરા સુણતી ઝોકે ચડી
ધીમે ધીમે રાત પડી...
ખાલી રસ્તા પથરાયા પહોળા
વૃક્ષ પર પ્રકાશ લે હિલોળા
પડછાયા સંગ હોડ બકી
અંધાર ઉજાસને રમત જડી
ધીમે ધીમે રાત પડી...
શાંત સૃષ્ટિ શીતલતાની વૃષ્ટિ
શમણાં કરે નિદ્રા સહ ગોષ્ઠિ
આલિંગે જો શશી વાદળીને
હળવે ચુંબન કરી
ક્ષિતિજ દ્વારને મારી કડી
ધીમે ધીમે રાત પડી...

સુનીલ અંજારીઆ,અમદાવાદ.
મો. ૯૮૨૫૧૦૫૪૬૬

## મારી કોરોના ડાયરી –નીલકંઠ અંતાણી, મો. ૮૩૨૦૦૪૫૫૯૦

(મુ. શ્રી નીલકંઠભાઇ અંતાણી વીરનગર સ્થિત શિવાનંદ હોસ્પિટલમાંથી નિવૃત્તી બાદ છેલ્લાં ૨૭ વર્ષથી આ જ સંસ્થામાં માનદ્ સેવા આપી રહયા છે. ૮૩ વર્ષની વયે તેઓ પણ કોરોના સંક્રમિત થયા અને સ્વસ્થતા પણ મેળવી લીધી. તેઓએ પોતાના અનુભવોના આધારે 'મારી કોરોના ડાયરી' અંતર્ગત સાવચેતી– સલામતી માટે નીચે મુજબના મુદ્દા ત્રણેક માસ પહેલાં 'બરછી' માટે લખી મોકલ્યા હતા, સંજોગોવસાત બરછીનું પ્રકાશન મોડું થતું ગયું પરંતુ કોરોના ઉપરાંત અન્ય માંદગીમાં પણ સજજ રહેવા માટે આ 'ડાયરી'ઉપયોગી નીવડશે તેમ માનીને સૌના લાભાર્થે અત્રે પ્રકાશિત કરી રહયા છીએ. –તંત્રી)

શક્ય તેટલી તકેદારી અને ગાઇડલાઈનનું પાલન કરતાં હોઇએ તો પણ વર્તમાન પરિસ્થિતિમાં કોવિડ–૧૯ના સંક્રમણનું જોખમ સતત રહે છે. ઘરના વડીલો બહાર ન જતા હોય પરંતુ અન્ય સભ્યોને નોકરી ધંધાને લીધે બહાર જવું પડે તેથી સંક્રમણનો ભય રહે છે અને તેની અસર ઘરમાં રહેતા વડીલો પર થાય છે. આ જ કારણસર મને પણ સંક્રમણ થઈ જતાં રીપોર્ટ 'પોઝિટીવ' આવ્યો અને ઓક્સિજન લેવલ ઘટી જતાં હોસ્પિટલમાં દાખલ થઈને સારવાર લેવાની નોબત આવી પડી. અચાનક આવી પડેલા વિપરીત સંજોગોનો સ્વીકાર અને સંજોગો સામે લડવાની હિંમત કેળવાય એ જ સાચો રસ્તો છે. હોસ્પિટલની સારવાર દરમ્યાન સકારાત્મક વલણ અને વિશ્વાસ તથા શ્રધ્ધાના બળે આઠ દિવસની ઘનિષ્ઠ સારવાર ખાનગી હોસ્પિટલમાં લઈને ડીસ્ચાર્જ થયો.

કોવિડ–૧૯ની સારવાર દરમ્યાન પરિવારના કોઈ સભ્યથી સાથે રહી શકાતું ન હોઇ રૂમની ચાર દિવાલોની વચ્ચે એકલા રહીને આ ચેલેન્જ સ્વીકારી અને સારૂં પરિણામ લઈને જવું છે એવી સતત માનસિક ધારણા અને ઈશ્વર પર શ્રધ્ધા રાખી તેનું પરિણામ મળ્યું અને સારવાર કરનાર સમગ્ર ટીમનો પણ શ્રેષ્ઠ સહયોગ મળ્યો.

સારવાર દરમ્યાન મને થયેલા સારા માઠા અનુભવોના તારણ સ્વરૂપે જે હકીકત/મુદ્દાઓ મને સહાયરૂપ થયા તે સહુને સહાયક થશે તેવી શ્રધ્ધા સાથે અત્રે જણાવું છું....

(૧) સદ્‌ભાગ્યે સાદગીયુકત જીવન શૈલી, નિયમિતતા, સાત્વિક ખોરાક અને તેમાં નિયંત્રણ ઉપરાંત કોઈજ રોગ/બિમારી ન હોવાથી સારવાર તુરત કારગત નીવડી અને દવાઓની અસર જલ્દી થતાં રોગમુકત થઈ શકાયું. જે વરિષ્ઠો માટે ખૂબ અગત્યનું છે.

(૨) સારવાર કરનાર ટીમને સતત સહકાર આપીને પ્રોત્સાહિત કરતા રહેવું તથા ડોકટર્સની મુલાકાત દરમ્યાન તેમના દરેક સવાલોના વ્યવસ્થિત જવાબ આપવા તથા મનમાં પ્રશ્નો ઉભા થાય તો આદરપૂર્વક જાણ કરી તેનો ઉકેલ જાણવો.

હોસ્પટલની સારવાર દરમ્યાન થતા એકલવાયાપણાનો ઉપાય જાતે જ ન શોધી લઈએ તો મન માં સતત ખોટા વિચાર આવ્યા કરે અને તેની અસર માનસિક/શારિરીક સ્વસ્થતા પર પડે. આ માટે મોટી ઉમરના વયોવૃદ્ધ વડીલોએ પોતાની જાતને ખોટા ભયથી દૂર રાખવાનો ઉપાય અજમાવવા જરૂરી છે.

ખાસ કરીને આ પ્રકારની માંદગીમાં સપડાય જવાય તો પરિવારના સભ્યો/મિત્રોની સાથે સંપર્ક જાળવી શકાય એ માટે વડીલ મિત્રોએ–'સોશ્યલ મીડિયા'(વિશેષ વોટ્સએપમાં) સક્રીય થવાની ખાસ જરૂર છે. જેનાથી અંગત સંદેશાની આપ લે અને સંપર્ક જળવાઇ રહે છે અને ઘણી માનસિક શાંતિ અને આનંદ રહે

છે અને ભલે સાદો પણ સ્માર્ટફોન હોય તો પથારીમાં પણ તેનાથી વિવિધ સંગીત, સમાચાર /પ્રવચનો વગેરેનો લાભ લઈ શકાય છે. આ ઉંમરે 'આવું ના આવડે' એ વાત ભૂલી જવી. શીખવા માટે કોઈપણ ઉંમર યોગ્ય જ છે.

ઘણા સબંધી/શુભેચ્છકોને દરદીને ફોન કરવાની આદત હોય છે. તે તદ્દન ગેરવ્યાજબી છે. જરૂર જણાય તો દરદીના પરિવારજનોને દિવસમાં એકાદ વખત ટૂંકાણમાં વાત કરવી જોઈએ.

ઉપર જણાવેલ બાબતોનો કાળજીપૂર્વક અમલ કરવાથી હું સતત માંદગી દરમ્યાન માનસિક સ્વસ્થતા કેળવી રોગ સામે લડવાની શક્તિ પ્રબળ રાખી શક્યો છું અને ઈશ્વર કૃપાથી સંપૂર્ણ સ્વસ્થ થઈ શક્યો છું. કોઈને પણ આ સૂચનો/આચારસંહિતા ઉપયોગી બનશે તો ખૂબ આનંદ થશે.

---

**સગપણ સગાઈ:**

- ભાવનગરના અમદાવાદ સ્થિત શ્રી અંબરીષભાઇ ડોલરરાય મહેતા અને શ્રીમતી દક્ષાબેન મહેતાનાં પુત્રી શિવાનીનું સગપણ ભુજના ગાંધીનગર સ્થિત શ્રી બકુલેશભાઇ શશીકાંતભાઇ ધોળકિયા અને શ્રીમતી લવણ્યાબેન ધોળકિયાના પુત્ર તત્વમ્ સાથે.
- પોરબંદર સ્થિત શ્રીમતી નિમિષાબેન દુર્ગેશભાઇ ઓઝાનાં પુત્રી અંતરાનું સગપણ ભુજ નિવાસી શ્રીમતી નમ્રતાબેન જયેશભાઇ ધોળકિયાનાપુત્ર આદિત્ય સાથે.
- વલ્લભવિદ્યાનગર સ્થિત શ્રીમતી કાનનબેન તથા શ્રી દર્શકભાઇ અરૂણભાઇ દેસાઈના પુત્ર તૃષાંતનું સગપણ અમદાવાદ સ્થિત શ્રીમતી જલધિબેન તથા શ્રી રાજીવભાઇ મહીધરભાઇ વૈશ્નવનાં પુત્રી નમ્રતા સાથે.
- અમદાવાદ સ્થિત શ્રીમતી પૂર્ણિમાબેન તથા ત્રિલોચનભાઇ શશીકાન્તભાઇ ધોળકિયાનાં પુત્રી ફોરમનું સગપણ અમદાવાદ સ્થિત પ્રનોતીબેન તથા કેતનભાઇ મજમુદારના પુત્ર જલ્વીન સાથે.
- રાજકોટ સ્થિત શ્રીમતી ફાલ્ગુની તથા શ્રી દર્શન ચંદ્રકાન્તભાઇ હાથીના પુત્ર દેવર્શીનું સગપણ જામનગર સ્થિત શ્રીમતી પૂર્વી તથા શ્રી ભાવેશ મંકોડીનાં પુત્રી દ્વીશા સાથે.
- શુભ લગ્નમ્ : રાજકોટના શ્રીમતી મીનાબેન તથા ડો. અસિત વિજેન્દ્રભાઇ વૈશ્નવના પુત્ર ડો. દર્શિલનાં લગ્ન વડોદરા સ્થિત શ્રીમતી ડો. ખ્યાતિબેન તથા ડો. તુષારભાઇ પુંડરિકભાઇ માંકડનાં પુત્રી ડો. કેશા સાથે.

---

## મીનાક્ષી વૈશ્નવ ગુજરાત વુમન લીડરશીપ એવોર્ડથી સન્માનિત થયાં



તાજેતરમાં જાહેર થયેલ વર્લ્ડ વુમન લીડરશીપ કોંગ્રેસ એવોર્ડમાં ગુજરાતની મહિલા નેતૃત્વ શ્રેણીમાં મૂળ કચ્છના વડોદરા સ્થિત મીનાક્ષી ત્રિભુવનલાલ વૈશ્નવે આઇટી સાહસિક એવોર્ડ હાંસલ કર્યો. તેઓ વડોદરા સ્થિત એશીયન સોફટેક ઈન્જીનિયરંગ સેન્ટરના સ્થાપક અને સીઇઓ છે. આ ઉપરાંત બરોડા મેનેજમેન્ટ એસોસીએશનનું પ્રમુખ સ્થાન પણ શોભાવી રહયાં છે. અત્રે નોંધપાત્ર છે કે આ એસો.ના પૂર્વ પ્રમુખ પદે ૧૯૯૩માં તેમના ભાઇ શ્રી નયન વૈશ્નવ પણ રહી ચૂક્યા છે.

# સમાચાર સંચય

✶ વડોદરા : તાજેતરમાં Association of Zoologists(AOZ) Gujarat State ની સ્થાપના કરવામાં આવી. જેનું મુખ્ય કાર્ય પ્રાણીશાસ્ત્ર વિષયના શિક્ષણ, સંશોધન અને તેને સંબંધિત સમગ્ર કાર્યવાહીનું મેનેજમેન્ટ કરવાનું છે. આ એસોસિયેશનના સ્થાપક પ્રમુખ તરીકે પ્રો. પ્રદીપ ચંદ્રવદનભાઇ મંકોડીની વરણી કરવામાં આવી. મૂળ જામનગરના પ્રો. મંકોડી હાલમાં વડોદરા ખાતે ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કાર્યરત છે. અભિનંદન.

✶ અત્રેના શ્રી જયેશ અને શ્રીમતી વિરાજ કચ્છીના પુત્ર હર્ષ કચ્છીએ પી.ડી.પી.યુ.માં એમબીએ. માં ગોલ્ડમેડલ મેળવ્યો.

✶ રાજકોટ : શ્રીમતી આરતીબેન અને શ્રી ભાવેશભાઇ નાણાવટીનાં પુત્રી નૂપુર નાણાવટી IBPS પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ રાજકોટ ખાતે બેંક ઓફ ઈન્ડીયા(મેઇન બ્રાંચ)માં નિમાયાં. તેણી હંસાબેન અને દેવીભાઇ નાણાવટીનાં પૌત્રી તથા ભૂપેન્દ્રભાઇ અને સ્વાતિબેન વૈશ્નવનાં દોહિત્રી થાય.

✶ અત્રેના શ્રી દેવાંગ માંકડ રાજકોટ શહેર ભાજપના મહામંત્રી તરીકે ફરીવાર ચૂંટાય આવી પોતાની યોગ્યતા પૂરવાર કરી. અત્રે નોંધપાત્ર છે કે તેઓના પિતાશ્રી પ્રદ્યુમ્નભાઈ ભાજપના પાયાના અને ગણનાપાત્ર કાર્યકરોમાંના એક હતા સમાજના પાયાના પ્રશ્નોના નિરાકરણ કરવા હંમેશા તત્પર રહેતા. ભાઈશ્રી દેવાંગ તેઓના નકશેકદમ પર ચાલી આમજનને સહાયભૂત થતા રહયા છે. આધુનિક સુવિધા સજ્જ 'પંચનાથ હોસ્પિટલ'ના નિર્માણમાં તેમનું મહામુલું યોગદાન રહયું છે. તાજા સમાચાર મુજબ તેઓને તાજેતરમાં આવી રહેલ રા.મ્યુ.કોર્પોરેશનની ચૂંટણીમાં વોર્ડ નં. ૭ના ભાજપના ઉમેદવાર તરીકે ટીકીટ આપવામાં આવી છે. આપણા મત કેટલા ! છતાં સંન્નિષ્ઠ શિક્ષિત દેવાંગ માંકડને મત આપી વિજયી બનાવવામાં યોગદાન તો આપીએજ. અભિનંદન–શુભેચ્છા.

✶ રા.મ્યુ.કોર્પો.ની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૨ના ઉમેદવાર તરીકે શ્રીમતી સપના રક્ષિત અંજારિયાને ટીકીટ આપવામાં આવી. તેમને પણ પક્ષાપક્ષીથી પર રહીને જ્ઞાતિના પ્રતિનિધી તરીકે વિજયી બનાવવા મત આપીએ.


✶ નૈત્રૃત્તિ વિશ્વેશ છાયા ધો. ૧૦ની પરીક્ષામાં ૮૮%સાથે ઉત્તીર્ણ.

✶ અમદાવાદ : મુળ ભુજના અમદાવાદ સ્થિત શ્રી અનુપભાઇ પ્રમોદરાય વોરાએ ભારતીય અંતરિક્ષ સંશોધન સંસ્થાન (ISRO) માં સ્ટ્રક્ચર એન્ડ થર્મલ ગ્રુપના ડાયરેકટર તરીકે બઢતી મેળવી. તેઓનું દેશના તમામ હવામાન ઉપગ્રહો અને ચંદ્રયાન ઓર્બિટરની સફળતામાં મૂલ્યવાન પ્રદાન રહયું છે. ગર્વભેર અભિનંદન સાથે શુભકામના.

✶ અત્રેના મંત્ર રૂપાંગ મહેતા (ધો.૫)એ બ્રેન ઓ બ્રેન સ્ટેટ ઇન્ટરસ્ટેટ રિજીયન ઓનલાઈન કોમ્પિટીશનમાં છેલ્લા ત્રણ વર્ષથી ગોલ્ડમેડલ મેળવી પરિવારને ગૌરવ બક્ષ્યું છે.અભિનંદન.

✶ અત્રેના પલ્લવભાઈ તથા રૂપાબેન વૈશ્નવના પુત્ર સાયુજ્ય બી.ઈ.ના અભ્યાસ દરમ્યાન દેશની જાણીતી આઇટી. કંપની ઈન્ફોસીસમાં પસંદગી પામી જોડાયા.

✶ અત્રેના શ્રીમતી નીપા તથા જીજ્ઞેશ વૈશ્નવનાં



પુત્રી કુ. વિધિ ધો. ૧૨ સામાન્ય પ્રવાહમાં ૮૯% (૯૯.૭ પીઆર) સાથે શાળામાં પ્રથમ ક્રમાંક સાથે ઉત્તીર્ણ થયાં. તેણી મંજરીબેન વિભાકરભાઇ વૈશ્નવનાં પૌત્રી અને

હેમાંગિનીબેન યજ્ઞેશભાઇ કિકાણીનાં દોહિત્રી થાય.

✶ રોજબરોજના જીવનમાં અનેકવિધ રીતે ઉપયોગી 'એલોવીરા પ્રોડકટસ' ખરીદવા સંપર્ક કરો : કોમલ પ્રશાંત માંકડ- ૯૪૨૮૦૦૦૩૨૦ (ગુજરાતના કોઈપણ શહેરમાં ઉપલબ્ધ કરાવવામાં આવશે.)

✶ અનુદાન અપીલ : અત્રેના શ્રી કાર્તિકભાઇ એન. ઝા અકસ્માતે પડી જતાં બ્રેઇન હેમરેજ થઈ જતાં ઓપરેશન બાદ કસરત પેટે દૈનિક રૂા. ૧૦૦૦/-જેવો ખર્ચ તેમજ દવા માટે માસિક રૂા. ૬૦૦૦ જેવો ખર્ચ થાય છે. હાલમાં તેઓ એકમાત્ર કમાનાર વ્યકિત હોવાથી આર્થિક સહાયની અપીલ છે..જ્ઞાતિજનો યથાયોગ્ય અનુદાન હિરલ કાર્તિકભાઇ ઝા ના બેંક ઓફ ઈન્ડિયા માણેક ચોક બ્રાંચ અમદાવાદના ખાતા નં.20071011000 6533/ IFSC : Bk100002007 માં સીધું મોકલી આપશો. વધુ પૂછપરછ માટે શ્રી વિશ્વેશભાઇ ઝાલા-મો.૯૯૭૪૪૨૪૯૮૬નો સંપર્ક કરશો.

✶ કુ. ભાવીશા માંકડ બી.કોમ.ની પરીક્ષામાં ડીસ્ટીંગ્શન મેળવી ઉત્તીર્ણ થયાં. તેણી શ્રીમતી ભાવિની તથા હિતેષ માંકડનાં પુત્રી તથા હર્ષવદન ભાઇ માંકડનાં પૌત્રી અને સ્વ. અંજનીબેન તથા સ્વ. તનસુખરામ ઓઝાનાં દોહિત્રી થાય.

✶ અત્રેના શ્રી દિનેશભાઇ માંકડને જ્ઞાતિના યુવાનોની તેજસ્વીતા ઝળકે તેવો શુભ વિચાર સ્ફૂર્યો અને તેઓના સન્નિષ્ઠ પ્રયત્નોથી GPSC પરીક્ષા માટે જ્ઞાતિના જ જાણીતા તજજ્ઞો દ્વારા વિનામૂલ્યે માર્ગદર્શક લેકચર્સનો પ્રારંભ થતાં અસંખ્ય યુવાનો લાભ લઈ રહયા છે.જોડાવા ઈચ્છુકોને તેમનો મો. ૯૪૨૭૯૬૦૯૭૯ ઉપર સંપર્ક કરવો.

✶ સમગ્ર ગુજરાત નાગર પરિષદ દ્વારા દર વર્ષે યોજાતા 'લગ્ન પરિચય પસંદગી મેળો' આ વર્ષે કોરાનાને કારણે યોજી શકાય તેમ ન હોવાથી તેમાં ભાગ લેનાર યુવક યુવતીની માહિતી પુસ્તિકા 'ચયનિકા' પ્રકાશિત કરવામાં આવેલ છે.જે મેળવવા વધુ માટે સંસ્થાના પ્રમુખ શ્રી નરેશ રાજાનો ૯૯૭૪૦૩૪૪૬૬ ઉપર સંપર્ક કરશો.

✶ <u>ગાંધીનગર</u> : મહાત્મા ગાંધીજીની ૧૫૧મી જન્મજયંતીની ઉજવણીના ઉપલક્ષ્યમાં ગુજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ નિમિત્તે મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, રાષ્ટ્રીય સેવા યોજના એકમ સાદરા અને ગુજરાત રાજ્ય કાનુની સેવા સત્તા મંડળ અમદાવાદ/ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'મહાત્મા ગાંધીજીની મધ્યસ્થતા વિશેના વિચારો' વિષય ઉપર રાજ્યકક્ષાના વેબિનાર યોજાય ગયો. જેમાં ઉપરોકત દરેક સંસ્થાઓના મહાનુભાવો સાથે ગાંધીનગર જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ તરફથી વકતા તરીકે પેરાલીગલ વોલેન્ટીયર અને મીડિયેટર શ્રી સુધીરભાઇ દેસાઈએ પોતાના વક્તવ્યમાં મધ્યસ્થતા એટલે શું? તેની ભૂમિકા અને મહાત્મા ગાંધીજીએ દક્ષિણ આફ્રિકાથી શરૂ કરેલી મધ્યસ્થતા ના ઉદાહરણ આપી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

✶ મુંબઈ : અત્રેના શ્રી વડનગરા નાગર મંડળની યાદી જણાવે છે કે વિદ્યાર્થીઓને આપવામાં આવતાં શૈક્ષણિક પારિતોષીકો તથા સ્કોલરશીપ માટેના ફોર્મ અને માહિતી https:// shri vadnagara nagar.org ઉપરથી મળી શકશે.

✶ નિર્હમ મનીષ માંકડ ધો.૧૦ *(ICSE)*ની પરીક્ષામાં ૮૬% સાથે ઉત્તીર્ણ.

✶ <u>જૂનાગઢ</u> : સુ.શ્રી જાગૃતિબેન સી. ખારોડ તરફથી અધિકમાસની એકાદશી નિમિત્તે શ્રી મયારામ દાસજી આશ્રમ, મહિલા આશ્રય ગૃહ, અંધ કન્યા છાત્રાલય તથા ભૂતનાથ મહાદેવ મંદિરના વિદ્યાર્થીઓ તથા સ્ટાફને ફરાળી વાનગી,ફરસાણ અને મીઠાઈ પીરસવામાં આવ્યા હતાં. આ ઉપરાંત સેનેટાઇઝરની બોટલોનું વિતરણ

કરવામાં આવ્યું હતું.તદ્ઉપરાંત તાજેતરમાં સત્યમ સેવા મંડળ આયોજીત સમૂહ લગ્નોત્સવમાં પ્રજ્ઞા ચક્ષુ દીકરીઓને સોનાના નાકના દાણાની ભેટ આપી તેમજ ગાયત્રી મંદિર ખાતે ચાલતા અન્નક્ષેત્રમાં મીઠાઈ તથા ખીચડા વિતરણ તેમજ કડકડતી ઠંડીમાં મૂલ્યવાન એવા ગરમ ધાબળાનું વિતરણ કર્યુ. આમ તેઓએ આવાં અનેક પરમાર્થના ઉમદા સેવા કાર્યો થકી આત્મકલ્યાણના સ્તુત્ય અને પ્રેરક સત્કાર્યો કર્યાં.

✶ શ્રી હાટકેશ ભ્રાતૃ મંડળના ઉપક્રમે ઓનલાઈન સોલો ગરબા ગાન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ વિદેશના કુલ ૧૧૬ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. જેમાં ૧૧–૨૦વર્ષના ગ્રુપમાં પ્રથમ સ્થાને સાહિલ માંકડ–અમદાવાદ તથા માર્મિ શુકલ દ્વિતીય સ્થાને, વર્ષ ૨૧–૪૫ના ગ્રુપમાં ડો. નિષ્ઠા છાયા– પ્રથમ અમદાવાદ બીજા સ્થાને આરોહી દેસાઈ–વડોદરા, ૪૬–૬૫ વર્ષના ગ્રુપમાં પ્રથમ નિલેશ દેસાઈ – અમદાવાદ, દ્વિતીય સ્થાને પ્રકાશ છાયા–મુંબઈ, તથા ૬૬ વર્ષ કે તેથી ઉપરના ગ્રુપમાં પ્રથમ જયશ્રીબેન ત્રિવેદી અમદાવાદ, દ્વિતીય સ્થાને હર્ષાબેન વૈદ્ય–ભરૂચ આવ્યાં હતાં.

✶ જેઓ ૧૮ વર્ષથી સંગીતના કાર્યક્રમો સાથે જોડાયેલાં છે એવાં સંગીત વિશારદ ખુશાલીબેન જપન બક્ષીએ આ સ્પર્ધાના નિર્ણાયક તરીકેની પોતાની સેવા આપી હતી.

✶ <u>ભાવનગર :</u> કુ. વિધી ધીમંતભાઇ નાણાવટી અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય દ્વારા લેવાયેલ સંગીત વિશારદ પૂર્ણ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયાં.

✶ <u>પોરબંદર :</u> જાણીતા લેખક શ્રી દુર્ગેશ ઓઝા તાજેતરમાં યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદની ચુંટણીમાં મધ્યસ્થ સમિતિના સભ્ય તરીકે ચૂંટાય આવ્યા. અભિનંદન.

✶ <u>ભુજ :</u> શ્રી વડનગરા નાગર મંડળની તાજેતરમાં યોજાયેલી વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ૨૦૨૦–૨૩ માટેની નવનિયુક્ત કારોબારી સમિતિમાં પ્રમુખ તરીકે શ્રી ભૌમિક વછરાજાની, મંત્રી શ્રી પ્રતીક ધોળકિયા, ખજાનચી–શ્રી જીજ્ઞેય અંતાણી તથા સભ્યો તરીકે સર્વશ્રી અભિજીત ધોળકિયા, હર્ષ વૈદ્ય, ઋચિર વૈશ્નવ, અંકિત અંજારિયા, વેદાંત પટ્ટણી, ભાવિન છાયા, પરિતોષ વૈદ્યની વરણી કરવામાં આવી. યુવા બ્રિગેડને અભિનંદન–શુભકામનાઓ.

✶ <u>રાજકોટ</u> : અત્રેના જય બંકીમભાઇ વૈશ્નવે 'બ્રાન્ડસ આઉટલેટસ'ના નામથી યાજ્ઞિક રોડ, જોહર કાર્ડઝની બાજુમાં બ્રાન્ડેડ તેમજ નોન બ્રાન્ડેડ લેડીઝ–જેન્ટસ ફૂટવેરનો શોરૂમ શરૂ કર્યો. અભિનંદન.

✶ શબ્દોની હરિફાઈ દ્વારા આયોજિત સાહિત્ય રત્ન એવોર્ડના ગદ્ય વિભાગના લેખક રત્ન એવોર્ડ માં અત્રેનાં પારૂલ જસ્મીનભાઇ દેસાઈએ દ્વિતીય ક્રમાંક મેળવ્યો.

✶ પ્રશાંત ભરતભાઇ માંકડે મેયર ફાર્મા કંપનીમાં ડેપ્યુટી રીજીયન મેનેજર તરીકે બઢતી મેળવી.

✶ ગાયત્રી ઉપાસક પૂ. જતુમાના મુખેથી જ વર્ણવતી જીવન ઝરમરની પુસ્તિકા અત્રેના શ્રી પ્રવીણભાઇ માંકડ દ્વારા પ્રકાશિત કરવામાં આવી છે. પુસ્તિકા મેળવવા ઇચ્છુક જ્ઞાતિબંધુઓએ તેમનો મો. ૭૫૬૭૬૯૧૫૯૮ ઉપર સંપર્ક કરવો.

## આનંદ બુચ પી.એચડી. થયા

રાજકોટના બીનાબેન તથા સ્વ. મુકેશભાઇ બુચના પુત્ર આનંદ બુચને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા પી.એચડી.ની પદવી એનાયત કરવામાં આવી. તેઓ હાલ જોધપુર ખાતે 'એઇમ્સ'માં માઈક્રો–બાયોલોજી ડિપાર્ટમેન્ટમાં કાર્યરત છે.

## અનંતનાયાત્રીઓને શ્રદ્ધાસુમન :

માર્ચ માસથી અત્યાર સુધીમાં કોરોનાની મહામારીને કારણે પણ અસંખ્ય પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ, કુટુંબનો આધાર હોય તેવા આપ્તજનો, સહૃદયી મિત્રો, જ્ઞાતિ માટે સમર્પિત નિઃસ્વાર્થ સેવાભાવી સેવકો અચાનક ગુમાવ્યા છે, જેની ખોટ કદી પૂરી શકાશે નહીં..પ્રત્યેક સદ્ગતના આત્માને શાંતિ–સદ્ગતિ મળે અને પરિવારો ઉપર આવી પડેલ અણધાર્યા દુઃખને સહન કરવાની ઈશ્વર શક્તિ આપે તેવી પ્રાર્થના કરીએ...ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

<u>રાજકોટ :</u> મધુકરભાઇ શશીકાન્તભાઇ અંજારિયા–૭૬ વર્ષ, હિમાંશુભાઇ જમિયતરામ રાણા, પૂર્ણાબેન સુનીલભાઇ ઓઝા,ગં.સ્વ. હર્મિલાબેન બાલકૃષ્ણભાઇ વછરાજાની, નિલમકુમાર ચીમનલાલ વૈશ્નવ, હેમાદ્રીબેન દિવ્યાંશુભાઇ આચાર્ય., હીનાબેન રમ્યવદનભાઇ કચ્છી, તુષાર રાજેન્દ્રભાઇ માંકડ–૫૦ વર્ષ, ગં.સ્વ. ઈલાબેન મુળવંતરાય મંકોડી–૮૩ વર્ષ, નવમાલિકાબેન(નલિનીબેન) વીરેન્દ્રભાઇ અંતાણી–૯૧ વર્ષ,વત્સલાબેન અજીતરાય માંકડ,મનોજભાઇ દિલસુખરાય વસાવડા મંજરીબેન અનિલભાઇ વૈશ્નવ, બકુલભાઇ કૌશિકરાય માંકડ...<u>જૂનાગઢ :</u> ભદ્રેશભાઇ ટી. ઘોડા–૮૩ વર્ષ, સરોજબેન પ્રસન્નભાઇ માંકડ–૭૯ વર્ષ, પદ્મનાભભાઇ વોરા, નંદીકેશ પંકજભાઇ મહેતા, કૌશિકભાઇ હરસુખરાય વસાવડા, જ્યોતિબાળાબેન હરસુખભાઇ નાણાવટી– ૭૭ વર્ષ, ડો. મહેન્દ્રભાઇ પુન્ડરિકરાય નાણાવટી (રીટા.પ્રોફેસર પેથોલોજી) હિમકરભાઇ જોષીપુરા (નિવૃત્ત શિક્ષક), દીપિનચન્દ્ર ડી. દિવાન, દેવ્યાનીબેન વામનભાઇ વસાવડા,જયેશભાઇ મહાપ્રસાદ નાણાવટી, રવિભાઇ વસાવડા, અખિલભાઇ પંડયા, પૌરવીબેન અવિનાશભાઇ કચ્છી, નિરંજનભાઇ હીરાલાલ ધોળકિયા, મંદાકિનીબેન પદ્મકાંતભાઇ બુચ, અમિતભાઇ દિગ્વીજયભાઇ મજમુદાર,પ્રેમાબેન દિવ્યકાંત ઝાલા, ભારતીબેન રવિભાઇ વસાવડા, હિમાદ્રીભાઇ નાગેન્દ્રભાઇ જોષીપુરા, રમેશભાઇ હર્ષદરાય બુચ...<u>વડોદરા :</u> અવિનાશભાઇ ગુણવંતરાય સ્વાદિયા (ભુતકાળમાં વડોદરાના પ્રતિનિધી તરીકે તેઓએ બરછીને સેવા આપી હતી–બરછી પરિવારના શ્રદ્ધાસુમન) અશોકભાઇ ભાસ્કરભાઇ માંકડ–૬૨ વર્ષ, સુરેખનભાઇ પ્રસન્નભાઇ નાણાવટી–૬૯ વર્ષ, હેમાંગ રવીન્દ્રભાઇ ઝાલા, ભદ્રાયુભાઇ કપીલરાય વૈશ્નવ – ૬૬ વર્ષ. રોહિતભાઇ નરેન્દ્રભાઇ ધોળકિયા –૬૫ વર્ષ, વાલ્મિકભાઇ શાંતિરાય વૈશ્નવ, નિતીનભાઇ જયંતિભાઇ માંકડ–૭૧ વર્ષ. <u>અમદાવાદ :</u> અશ્વિનભાઇ રમણીકલાલ ધોળકિયા, મીરાબેન મયુરભાઇ છાયા, ઉષ્માબેન ગૌરવભાઇ મહેતા, શર્મિષ્ઠાબેન વિજયકુમાર પોટા, વત્સલાબેન અજીતરાય માંકડ,પ્રતીક હસમુખભાઇ બુચ–૩૭ વર્ષ,ઉત્કર્ષ દેસાઈ, હિમાંશુભાઇ દિવ્યકાંતભાઇ વસાવડા ૭૩ વર્ષ, ઉર્વિબેન વિક્રમભાઇ બુચ, નરેશભાઇ દેવેન્દ્રભાઇ વસાવડા, યોગેન્દ્રભાઇ ઉનાકર–૯૨ વર્ષ,કિશોરભાઇ બી. બુચ(નિવૃત્ત કલેકટર) <u>જામનગર</u> : અજીતરાય કુસુમરાય વસાવડા–૯૯ વર્ષ. સુરેશચંદ્ર કાંતિલાલ બુચ–૮૬ વર્ષ,ભાવનાબેન જગદીશભાઇ રીડાણી. <u>ગોંડલ</u> : જ્યોતિષભાઇ બુચ તથા શ્રીમતી દેવ્યાનીબેન જે. બુચ,<u>ભુજ</u> : અંજારના મુકેશભાઇ ઝવેરીલાલ છાયા–૬૭ વર્ષ, ધ્રુવાબેન ભદ્રકિશોર ધોળકિયા–૮૮ વર્ષ,ચંદ્રકિશોરભાઇ ધોળકિયા–૭૮ વર્ષ, અ. સૌ. હીનાબેન વિભાકરભાઇ અંતાણી–૫૮ વર્ષ, હરિક્રીશ્નાબેન ધનસુખરાય વૈદ્ય–૮૩ વર્ષ.<u>મોરબી</u> : છાયાબેન પી. દેસાઈ. <u>ગાંધીનગર</u> : ડો. મયુરીબેન પરેશભાઇ વોરા. નીતાબેન ગીરિશભાઇ વસાવડા પદુભાઇ ડી. વસાવડા–૮૫ વર્ષ, કમલેશભાઇ મુગટલાલ જથ્થલ <u>ગાંધીધામ</u> : સતિષચંદ્ર નવીનચંદ્ર ધોળકિયા, મીરાબેન મયુરભાઇ છાયા–૫૮ વર્ષ.

<u>મુંબઈ :</u> જયંતભાઇ મહાસુખરાય મહેતા. <u>ભાવનગર</u> : ભદ્રેશભાઇ મહેતા, જયેન્દ્રભાઇ બી.મહેતા ૮૬ વર્ષ

જામનગર : અશ્વનીભાઇ વસાવડા(નિવૃત્ત ચીફ ઇજનેર–જીઇબી), રવિન્દ્રભાઇ એચ. શુકલ (નિવૃત્ત મામલતદાર), અનિરૂધ્ધભાઇ મૂળશંકરભાઇ માંકડ–૮૬ વર્ષ, ચંદ્રવદનભાઇ ધોળકિયા, પિયુષભાઇ રવિશંકર આચાર્ય–૬૭ વર્ષ,પ્રકાશભાઈ રસિકલાલ છાયા–૬૯ વર્ષ, ચંદ્રકિશોર ધોળકિયા–૭૮ વર્ષ,
ભુજ : આશિષ બિપીનચંદ્ર અંતાણી–૪૨ વર્ષ, રંજનબાળાબેન મૂળશંકર માંકડ–૮૧ વર્ષ,
મુંબઈ : જયશ્રીબેન વિપીનભાઇ ઢેબર, અંબરીશભાઇ ઢેબર, અરૂણકાંત મણિપ્રસાદ વસાવડા–૯૧ વર્ષ
ભાવનગર : ગં. સ્વ. ચંદ્રિકાબેન વિશ્વકાંન્ત નાણાવટી–૮૭ વર્ષ, રસેન્દુભાઇ મહાસુખરાય આચાર્ય.
મહુવા : ગં.સ્વ. જ્યોત્સનાબેન અરવિંદભાઇ અંજારિયા. જામનગર : નિખીલભાઇ સુરેશભાઈ બુચ–૫૮ વર્ષ (જી.ઇ.બી.), ગં.સ્વ. કૌશલબેન નિગમભાઇ વૈદ્ય, રોહિતભાઇ ઉપેન્દ્રરાય અંતાણી–૪૭ વર્ષ, પ્રકાશભાઇ રસિકલાલ છાયા–૬૯ વર્ષ, જયેશભાઇ હરપ્રસાદ આચાર્ય–૬૦ વર્ષ(નિવૃત્ત મામલતદાર)ડો. સનતભાઇ વસાવડા. રાજકોટ : હરેન્દ્રભાઇ નટવરલાલ ખારોડ, દક્ષાબેન યાગુભાઇ વસાવડા, ઋષિકેશભાઇ પ્રહલાદરાય બુચ–૭૨ વર્ષ, ગૌરાંગભાઇ પ્રદીપભાઇ વસાવડા–૪૫ વર્ષ, ડો. દેવેન્દ્રભાઇ જગદીશભાઇ ઘોડાદ્રા, ગિરીશભાઈ સુરેન્દ્રરાય ઓઝા, સૌ. જ્યોત્સનાબેન લક્ષ્મીકાંતભાઇ છાયા, હર્ષાબેન સુરેન્દ્રરાય અંજારિયા, ડો. યોગેન્દ્રભાઇ બાપુભાઈ બુચ, અશોકવિજય ભાનુરાય બુચ, રમેશભાઇ નવનીધરાય માંકડ–૮૪ વર્ષ, સૌ. જાહ્નવીબેન યોગેન્દ્રભાઇ માંકડ–૭૦ વર્ષ, નિખીલભાઇ માર્કંડરાય દેસાઈ–૭૬ વર્ષ, પિનાકીનીબેન કપિલ ભાઇ માંકડ, હિતાર્થી હિતેષ છાયા, જયંતભાઇ નવીનચંદ્ર માંકડ ૭૮ વર્ષ, પ્રકાશભાઇ આર. સ્વાદિયા–૬૮ વર્ષ. અમદાવાદ : નીલાબેન રતિલાલ છાયા, કુસુમબેન નાગેન્દ્રભાઇ ધોળકિયા, દિલીપરાય મણીભાઇ વૈશ્નવ, વત્સલાબેન વસાવડા–૯૧ વર્ષ, યોગેશભાઇ જી. નાણાવટી, ડો. નલિનભાઇ દુર્ગારામ વછરાજાની –૮૭ વર્ષ, નીતાબેન બુચ, મીનાબેન પ્રદીપભાઇ વોરા, હર્ષવદન બિન્દુપ્રસાદ અંતાણી (નિવૃત્ત હાઈકોર્ટ જજ) સૌ. કુસુમબેન નાગેન્દ્રભાઇ ધોળકિયા, નીતાબેન રસેશભાઈ બૂચ, જનાર્દન ભાઇ વૈશ્નવ, જનાર્દનભાઇ પ્રાણલાલ વૈષ્ણવ, જલેન્દુભાઇ મિલાપરાય છાયા–૬૧ વર્ષ, અજીતભાઇ ભાસ્કરભાઇ આચાર્ય, અશ્વિન ભાઇ રમણીકલાલ ધોળકિયા.ડો. રમેશચંદ્ર ઈન્દુલાલ અંજારિયા–૮૯ વર્ષ, કુ. દિત્તી વિદ્યુતભાઇ છાયા ૩૬ વર્ષ. વડોદરા : ભૂપેન્દ્રભાઇ પુરૂષોત્તમરાય માંકડ (દેનાબેંક), નવીનભાઇ હર્ષદરાય વસાવડા, ઉમેશભાઇ વામનરાય માંકડ, નાગેશભાઇ કુંદનલાલ અવાશિયા, સુરેખનભાઇ પ્રસન્નકુમાર નાણાવટી–૬૯ વર્ષ. રોહિતભાઇ ઢેબર. ભાવનગર : ગં.સ્વ. પન્નાબેન દુષ્યંતભાઇ શુકલ, ડો. જનાર્દનભાઇ બુચ, સુમનબાળા બેન જ્યોતીન્દ્રરાય આચાર્ય, મીનાક્ષીબેન ગજેન્દ્રભાઇ વોરા, ગીતાબેન રવીન્દ્રભાઇ આચાર્ય, જયેશ કુંદનલાલ અંતાણી, જીતેન્દ્ર ભગવતપ્રસાદ વૈશ્નવ,જ્યોત્સનાબેન શમીકભાઇ મહેતા. જૂનાગઢ : જનકભાઇ એન. છાયા–૮૩ વર્ષ, પરંજયભાઇ એસ. જોષીપુરા (નિવૃત્ત,સૌરાષ્ટ્ર યુનિ.),વિભાકરભાઇ શામભાઇ વસાવડા–૭૨ વર્ષ. ભાનુબેન જે. વૈશ્નવ–૧૦૩ વર્ષ વેરાવળ : ભારતીબેન ડોલરરાય વૈશ્નવ.મુંબઈ : રામભાઇ માંકડ,કૌશિકભાઇ શાંતિરાય રીડાણી–૮૦ વર્ષ, વિનયભાઇ ઢેબર, અરૂણકાન્ત મણિપ્રસાદ વસાવડા–૯૧ વર્ષ, અંજાર : નિલમબેન ત્રિલોચનભાઇ વૈદ્ય, કમલેશ ભોગીલાલ ઝાલા, પ્રજ્ઞાબેન ભરતભાઇ વોરા.– ભુજ : સૌ. ગીતાબેન અતુલભાઇ મહેતા, દક્ષાબેન જીતેન્દ્રરાય વૈશ્નવ– ૬૯ વર્ષ, નીલમબેન ત્રિલોચનભાઈ વૈદ્ય, ઉપમન્યુભાઇ ડોલરરાય પોટા–૮૨ વર્ષ, ભાસ્કરભાઇ શિવપ્રસાદ વોરા–૭૫ વર્ષ, જાણીતા સેવાભાવી ઇએનટી.સર્જન ડો. જ્યોતિન્દ્રભાઇ વી. છાયા, ગં.સ્વ.પ્રસન્નતાબેન ડી. ઝાલા ૮૩ વર્ષ પોરબંદર : બિન્દી અતુલભાઇ વૈશ્નવ– ૩૪ વર્ષ, ઉદેપુર : કમલેશભાઇ ડી. ધોળકિયા–૭૬ વર્ષ, અમેરિકા : શ્રીમતી પ્રિયબાળાબેન આર. અંજારિયા–૯૨ વર્ષ. ખંભાળીયા : શ્રી રજનીકાન્તભાઇ નવલશંકર બુચ ૮૭ વર્ષ.

# ઉપયોગી માહિતી...

મુકેશ જી. રીડાણી, જામખંભાળીયા. મો. ૯૯૭૯૨૯૨૦૦૪

નવા વર્ષથી એક બેંકર તરીકે નીચેના સૂચનો થી શુભ શરૂઆત કરશો તેવી લાગણી સાથે નૂતનંવર્ષાભિનંદન –પ્રણામ- શૂભેચ્છા.

તમે તમારા બેંક ના ખાતામાં/લોકર માં કે પછી પોસ્ટ ઓફીસ કે વીમો ઉતરાવ્યો હોય તો તેમા કે ડીમેટ ખાતામાં નોમીનેશન એટલે કે વારસદાર નિમેલા છે કે કેમ? તે ચેક કરો. ન નિમેલા હોય તો નવા વર્ષની શુભ શરૂઆત વારસદાર નિમણૂંક્થી જ કરો. હા સાથે નોમીનેશન કરાવેલ હોય તો નોમીની હયાત છે કે કેમ ? તે હયાત ન હોય તો ફરીથી વારસદાર નું ફોર્મ ભરી નવા નોમીની નીમો.

તમે તમારા ઉપરોકત દરેક ખાતામાં KYC/ Mobile No. /Address update છે કે કેમ ? તે તપાસ કરો update ન હોય તો નવા વર્ષની શુભ શરૂઆત KYC update થી જ કરો.

તમે Credit Card/ Debit Card ધરાવતા હોય તો જે બેંકનું કાર્ડ હોય તેના Toll free તથા Credit/Debit કાર્ડ ના નંબર ડાયરીમાં નોંધી રાખો.


બેંકના કસ્ટમર કેર, E-mail ID નોંધી રાખો જેથી કરીને Credit કે Debit કાર્ડ ખોવાઇ જાય, લુટાઇ, ચોરી થાય ત્યારે તુરંત જ કાર્ડ નંબર અને Toll free નંબર હોવાથી Block કાર્ડ કરાવી શકો અને આર્થિક નુકશાનથી બચી શકો. દરેક બેંક Credit/Debit કાર્ડ બંધ કરવા માટેના SMS નંબર પણ હોય છે તે પણ નોંધી રાખો.જે બેંકમાં ખાતુ હોય તે બ્રાંચના મેનેજરના મોબાઇલ નંબર નોંધી રાખો.

તમે મેડીકલ ઇન્સ્યુરન્સ લીધો હોય તો તેની ફાઇલ ઘરના જવાબદાર સભ્યને આપી રાખો જેથી કરીને આકસ્મીક સંજોગોમાં ભાગદોડ ન કરવી પડે અને વીમા કંપની ના ટોલ ફ્રી નંબર, કસ્ટમર કેર નંબર નોંધી રાખો.

તમારા દરેક બેંક ખાતામાં ઘરના દરેક સભ્યોની સહી સ્કેન બેંકમાં થયેલી છે કે કેમ ? તે ચકાસવા બેંકમાં એક્વાર debit વ્યવહાર કરો જેથી પાકું થાય કે સહી સ્કેન છે કે કેમ ? ન હોય તો સ્કેન કરાવવાનું ચુકતા નહિ. ખાસ કરીને પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીઓ બેંકે જતી ન હોય ત્યારે ખાસ ઘરના બહેનોની સહિ સ્કેન છે કે તે ચેક કરવા જવાનું ભૂલશો નહિ.

તમારા વારસાથી મળેલા જમીન-મકાનના દસ્તાવેજ સારા વકિલ પાસે ચેક કરાવી ટાઇટલ કલીયર રીપોર્ટ કરાવી લેશો. જેથી ભવિષ્યમાં આપણા વારસોને જમીન મકાનના ભાગ પાડવામાં કે વહેંચતી વખતે કોઇ મુશ્કેલી ન પડે. ખાસ તો રાજાશાહી વખતના વારસાથી આવેલ મિલકતોમાં તો ખાસ ટાઇટલ કલીયર રીપોર્ટ કરાવી લેવાનું નવા વર્ષમાં ચૂકશો જ નહિ.

જો SBI માં A/C હોય તો YONO APP. ડાઉનલોડ કરો તમારા ૯૦% બેંકના કામ ઘરે બેઠા જ કરી સમય-શક્તિ-નાણાનો બચાવ કરી શકો માટે YONO APP. નવા વર્ષમાં ડાઉનલોડ કરી નવા વર્ષની શુભ શરૂઆત કરો.




Prof. Darshak Desai,Head of Mech. Eng. of G. H. Patel College of engineering and technology, Vallabh Vidya nagar has written a technical novel on Six Sigma methodology. This is a must read book for all future and present engineers and managers.

The book can ordered from Amazon and Flipkart

**Book Price : Rs. 450/-**

Contact : darshak301@yahoo.com

Mob. 9979940377

Dear All

We are pleased to inform you that

we are available with a unique natural aroma incense by

Cottage Industries and Auroshikha Agarbathies

(Units of Shri Aurobindo Ashram Pondicherry)

More than 98% incense is Natural,

unique incense sticks.

COTTAGE INDUSTRIES

Available varieties: 50/100 GMS Butter Paper Pack 9"Stick

Mattial, Sandalwood, Parijat, Amber, Rose,

Call of Krishna, Dance of Shiva

Special Economy Packet 20 Sicks pack 10Incense:

French Perfume –L'Esprit French Perfume –La Mystique

AUROSHIKHA AGARBATHIES

vailable varieties: 50GMS Economy Pack

Guggul, Nag Champa New, Jasmine (Purity Jasmine),

Musk (Krishna Musk), Patchouli (Singapore Patchouli),

Raindrops, Sandal Saffron, Opium Flower, Real Rose, Mantra.

Trade Enquiries : Mfg: COTTAGE INDUSTRIES

and AUROSHIKHA AGARBATHIES

(Units of Shri Aurobindo Ashram Pondicherry.)

**Marketed By : DUTT services, Rajkot- (Guj)**

Email: k.minereal@gmail.com

Web: www.cottageindustries.co.in

**Contact: +919998522100, +919316073237**

## ABM Travels

Hopefully the end of the tunnel is visible in early 2021, if not earlier, when all of us could resume travel in greater vigour. So 2021 must be the year of reopening and revival, leaving behind memories of 2020!

Domestic tourism in India is already reopening with high confidence as most of the Indian States have allowed unrestricted travel throughout the country. Outbound travel is also likely to open gradually.

Accordingly, we are happy to present our renewed calendar of packages for 2021, to present you with great opportunities to visit your destinations.

**Packages for 2021:**

Kerala/ Goa/ Himachal/ Rajasthan/ South-North East India/ Uttarakhand.

We would be happy to make customised proposals with attractive packages and value additions based on your needs in India.

Please feel free to email us at

**abmtravels@gmail.com for any further information that you may require, or call us 9820817318**

Wishing you the very best for a happy Holidays , and looking forward to receive your query/booking soon!

**ૐ સાંઈરામ ફરસાણ**

**રાજકોટમાં ઈન્દોરી–મહારાષ્ટ્રીયન ચકરી તેમજ દાળમૂઠ, લસણગાંઠીયા, ફરસી પુરી, સંચળ/સાદી સેવ તીખા ગાંઠીયા, ચણાદાળ, સકરપારા જેવાં ચટાકેદાર સ્વાદિષ્ટ શુદ્ધ ફરસાણ ઘેર બેઠા મેળવવા...**

**સંપર્ક કરો : હિનાબેન માંકડ – ૭૬૦૦૦૫૫૭૦૮**

Pay subscription in A/c.of Kalam Kadchhi Barchhi

BANK OF BARODA, Kalawad Rd. Branch Rajkot

**A/C. No. 15010200000110 IFC Cd. BARB0KALAWA**

BOOK POST

તંત્રી, મુદ્રક, પ્રકાશક : વિરેનભાઈ શાં. ધોળકીયા

મુદ્રણ : ફાઈન આર્ટ પ્રિન્ટર્સ, રાજકોટ.ફોનઃ ૨૪૫૩૦૬૩